# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બનાસકાંઠા - પાલનપુર.

વાર્ષિક પરીક્ષા - 2020

| તારીખ : 27-03-2020<br>વાર : શુક્રવાર | C | ધોરણ - 3<br>વિષય - ગણિત | કુલ ગુણ : ૪૦<br>સમય : ૧૧-૦૦ થી ૧-૦૦ |
|---|---|---|---|

શાળાનું નામ : ____________________

વિદ્યાર્થીનું નામ : ____________________ રોલ નં. [ ]

| વિભાગ | A | B | C | D | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| ગુણ | 12 | 18 | 6 | 4 | 40 |
| મેળવેલ ગુણ | | | | | |

નિરીક્ષકની સહી ____________________ પરીક્ષકની સહી ____________________

## વિભાગ - A

**સૂચના મુજબ જવાબ આપો (પ્રશ્ન ક્રમ ૧ થી ૧૨, દરેકનો એક ગુણ)**

**યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.** (૧૨)


૧. ૫ વખત ૭ = ......................

(અ) ૫૩ (બ) ૩૫ (ક) ૫૭ (ડ) ૭૫

૨. નીચેનામાંથી કયા પાત્રમાં ૧ લિટરથી વધુ પ્રવાહી સમાઈ શકશે ?

(અ) વાડકી (બ) ચમચી (ક) પ્યાલો (ડ) માટલી

૩. આપેલ પેટર્ન (ભાત) ના આધારે "?" ની જગ્યાએ કયો સંકેત આવશે ?




(અ)  (બ)  (ક)  (ડ) 

૪. નીચેનામાંથી ૩૦૦ થી નાની બેકી સંખ્યા કઈ છે ?

(અ) ૫૬ (બ) ૨૯૯ (ક) ૩૦૨ (ડ) ૩૦૦

**ખાલી જગ્યા પૂરો. (પ્રશ્ન ૫ થી ૬)**

૫. ૬ ÷ .................... = ૩

૬. તમારા ઘરમાં વપરાતાં પાત્રોમાંથી ..........................માં ૧ લિટરથી ઓછું પાણી સમાઈ શકે.

**નીચેના કોષ્ટક પરથી પ્રશ્નોના જવાબ આપો. (પ્રશ્ન નં. ૭ થી ૮)**

| શાળાએ આવવાની (મુસાફરીની) રીત | ચાલીને આવતા | સાયકલ | સ્કૂલ બસ | રીક્ષા |
|---|---|---|---|---|
| વિદ્યાર્થીઓની સંખ્યા | ૪૫ | ૧૮ | ૩૬ | ૧૨ |

૭. સૌથી વધુ વિદ્યાર્થીઓ કઈ રીતે શાળાએ આવે છે ? ........................................

૮. શાળામાં સાયકલ અને રીક્ષા વડે કુલ કેટલા વિદ્યાર્થીઓ આવે છે ?

........................................................................................

**અ વિભાગની સામે બ વિભાગમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જોડકાં જોડો. (પ્રશ્ન-૯ થી ૧૨)**

| 'અ' | | 'બ' |
|---|---|---|
| ૯. ટાંકીમાં સમાતું પાણી | ☐ | (અ) ૮ લિટર |
| ૧૦. પ્યાલામાં સમાતું પાણી | ☐ | (બ) ૩ લિટર |
| ૧૧. ૨ લિટરની ચાર બોટલમાં સમાતું પાણી | ☐ | (ક) ૧૨ લિટર |
| ૧૨. ૧૨ લિટર પાણીને ચાર સરખી બોટલ ભરતાં એક બોટલમાં સમાતું પાણી | ☐ | (ડ) ૫૦૦ લિટર |
| | | (ઈ) અડધા લિટર કરતાં ઓછું |


## વિભાગ - B

**સૂચના મુજબ કરો. (પ્રશ્ન-૧૩ થી ૨૧, દરેક પ્રશ્નના બે ગુણ)** (૧૮)

૧૩. પેટર્ન આગળ વધારો.

૧૫ક, ૧૮ખ, ૨૧ગ, ૨૪ઘ, ................ , ................ , .............. , ................

૧૪. આપેલ કીડીને કેટલા પગ છે ? ..........................




ચાર કીડીના કુલ પગ = ........................ X ......................

= ........................

૧૫. તમારે ૩૬ કેળાં ૬ મિત્રોને સરખા ભાગે વહેંચવાનાં છે, તો દરેક મિત્રના ભાગે કેટલાં કેળાં આવે ?

૧૬. પેટર્ન આગળ વધારો.



૧૭. રેણુકાએ મેદાનમાં રહેલી કારનાં પૈડાં ગણ્યાં. જો તેણે ગણેલાં પૈડાં ૩૨ થયાં હોય, તો તે મેદાનમાં કેટલી કાર હશે ?

૧૮. નીચેના કોઠા પરથી ચાર્ટ બનાવો. (દરેક વિદ્યાર્થી ☺ વડે દર્શાવો.)

| ઓછી ભાવતી શાકભાજી | વિદ્યાર્થી સંખ્યા |
|---|---|
| દૂધી | ૨ |
| કારેલાં | ૧ |
| રીંગણ | ૩ |

| ઓછી ભાવતી શાકભાજી | વિદ્યાર્થીઓ (દરેક વિદ્યાર્થી ☺વડે દર્શાવો.) |
|---|---|
| દૂધી | |
| કારેલાં | |
| રીંગણ | |

**ખાલી જગ્યા પૂરો. (પ્રશ્ન ૫ થી ૬)**

૧૯. કેશમેમો પૂર્ણ કરો.

કેશમેમો

રામદુકાન

| વસ્તુ | ભાવ (રૂપિયા) | રૂપિયા | પૈસા |
|---|---|---|---|
| ૩ પેન | ૮.૦૦ | ............... | ............ |
| ૪ દડા | ............... | ૪૦ | ૦૦ |
| | કુલ | ................. | ............. |

૨૦. પેટર્ન ઓળખો અને છુપાયેલા સંદેશ શોધીને લખો.

૧કઆ ૨ખજે ૩ગમ ૪ઘજા ૫ચપ ૬છડી ૭જગ ૮ઝઈ.

.....................................................................................................

૨૧. સરવાળો કરો.

```
  ૨૦૪.૫૦
+  ૩૮.૦૦
---------
```

## વિભાગ - C

**સૂચના મુજબ કરો. (પ્રશ્ન-૨૨ થી ૨૩, દરેક પ્રશ્નના ત્રણ ગુણ)** (૬)

૨૨. એક બગીચામાં હારમાં છોડ વાવ્યા છે. આવી ૧૩ હાર છે. દરેક હારમાં ૧૪ છોડ હોય, તો બગીચામાં કુલ કેટલા છોડ હશે ?

અથવા

૨૨. તમારી પાસે ૧૬ ડઝન કેળાં છે. જો તમારે દરેક બાળકને ચાર - ચાર કેળાં આપવાનાં હોય તો તમે વધુમાં વધુ કેટલા બાળકોને કેળાં આપી શકશો ?

૨૩. વીણા પાસે ૩૫.૫૦ રૂપિયા છે. હસન પાસે ૪૯.૫૦ રૂપિયા અને મીના પાસે ૨૫.૦૦ રૂપિયા છે. તો ત્રણેય પાસે મળીને કુલ કેટલા રૂપિયા થશે ?

## વિભાગ - D

**સૂચના મુજબ કરો. (પ્રશ્ન-૨૪, ચાર ગુણ)** (૪)

૨૪. નીચે આપેલી વસ્તુઓને અડધા કિલોગ્રામ કરતાં વધુ અને અડધા કિલોગ્રામ કરતાં ઓછા વજનવાળી વસ્તુઓમાં વર્ગીકરણ કરો.

પેન, સાયકલ, તમારું દફતર, બિસ્કીટ, તિજોરી, ખુરશી, નોટબુક, ચોક

| અડધા કિલોગ્રામ કરતાં વધુ વજનવાળી વસ્તુઓ | અડધા કિલોગ્રામ કરતાં ઓછા વજનવાળી વસ્તુઓ |
|---|---|
| | |
| | |
| | |
| | |

અથવા

૨૪. આપેલા વિકલ્પોમાંથી નીચેનાનું અંદાજિત વજન લખો.
(૧૦૦૦ કિ.ગ્રા, ૨૦ કિગ્રા, ૧ કિગ્રા, થી ઓછું, ૨ કિગ્રા, ૪૦૦ કિગ્રા, ૫૦ કિગ્રા)

દાડમ ....................................

ભેંસ ....................................

તમારું વજન ....................................

# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બનાસકાંઠા - પાલનપુર.

**વાર્ષિક પરીક્ષા - 2020**

| | | | |
|---|---|---|---|
| તારીખ : 26-03-2020<br>વાર : ગુરૂવાર | **A** | ધોરણ - 3<br>વિષય - ગુજરાતી | સમય : 11-00 થી 01-00<br>કુલ ગુણ : 40 |

શાળાનું નામ : ______________________

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નં. [ ]

| પ્રશ્ન ક્રમાંક | 1 | 2 | 3 | 4 | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 15 | 10 | 10 | 05 | 40 |
| મેળવેલ ગુણ | | | | | |

નિરીક્ષકની સહી ______________ પરીક્ષકની સહી ______________

**પ્રશ્ન-૧ (અ) ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ લખો.** (૫)

એક સસલી હતી. તેને સુંદર બચ્ચાં હતાં. તેમનાં નામ મોનુ, સોનુ અને ટોનુ હતાં. તેમનું શરીર રેશમ જેવું મુલાયમ અને રૂ જેવું સફેદ હતું. આંખો ચમકતી હતી. દિવસે તેઓ આમ તેમ ફરતાં રહેતાં. તે રોજ કોમળ લીલા ઘાસ પર રમતાં રહેતાં. આ સિવાય મા કંઈક ખાવાનું લાવે તો તેઓ આનંદથી ખાતાં હતાં. મા કહેતી, "બખોલમાંથી વારંવાર બહાર નીકળશો નહીં. હિંસક પ્રાણીઓનો વધારે ત્રાસ છે." બચ્ચાં માની શિખામણ ધ્યાનથી સાંભળતા અને પાલન કરતાં.

**પ્રશ્નો :**

(૧) મા બચ્ચાંને શું શિખામણ આપતી હતી ?

______________________

(૨) બચ્ચાનું શરીર રેશમ જેવું ______________ અને રૂ જેવું ______________ હતું.

(૩) સસલીને કેટલાં બચ્ચાં હતાં ?

______________________

(૪) સસલી બચ્ચાંને બખોલમાં શા માટે રાખતી હતી ?

______________________

(૫) <u>દિવસે</u> તેઓ આમ તેમ ફરતાં રહેતાં - લીટી દોરેલા શબ્દનો વિરોધી શબ્દ લખો.

______________________

**(બ) ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ લખો.** (૫)

એક બતકનું બચ્ચું હતું. એની મા કહે, "ચાલ, તને તરતાં શીખવું" બચ્ચું કહે, "નાહ્ય કોણ ? તરે કોણ ? ઠંડા પાણીમાં પડે કોણ ? હું તો નહિ તરું!" એની મા તોય એને નદી પાસે લઈ ગઈ. નદી તો મોટી હતી. બહુ મોટી. એમાં વહાણો તરતાં હતાં. નદીના પાણીમાં કાચબા હતા. મગર હતા. નાની-મોટી માછલીઓ હતી.

**પ્રશ્નો :**

(૧) બતકનું બચ્ચું માને શું કહે છે ?

______________________________

(૨) બચ્ચું 'હું નહિ તરું !' એવું શા માટે કહે છે ?

______________________________

(૩) નદીમાં કયાં-કયાં પ્રાણીઓ રહે છે ?

______________________________

(૪) બચ્ચાંની મા તેને નદી પાસે કેમ લઈ ગઈ ?

______________________________

(૫) 'ગરમ' શબ્દનો વિરોધી શબ્દ શોધીને લખો.

______________________________

**(ક) કવિતા વાંચીને પ્રશ્નોના જવાબ લખો.** (૫)

ટરરર ટરરર ઢમઢમ
કરો રમકડાં કૂચકદમ !
હાથીભાઈ, ચાલો આગળ
પાછળ ઊંટ સવારી;
ખડાક ખડબડ ઘોડા દોડે,
ને શી છટા અમારી !
ચલો સૈનિકો કદમ કદમ
કરો રમકડાં કૂચકદમ !
ઉપર ઘરરર વિમાન ગરજે
નીચે લશ્કર ગાડી;
ભરી બંદૂકે સૈનિક સાથે,
ચાલો હાકલ પાડી,
'હોશિયાર'નો કરી હુકમ
કરો રમકડાં કૂચકદમ !

**પ્રશ્નો :**

(૧) ઘોડો કૂચમાં કેવી રીતે દોડે છે ?

______________________________

(૨) કૂચમાં સૌથી આગળ કોણ ચાલે છે ?

______________________________

(૩) "બધાનાં પગલાં એક સાથે પડે તે રીતે સૌ સૈનિકો ચાલો" - આવા અર્થવાળી લીટી કવિતામાંથી શોધીને લખો.

________________________________

(૪) 'સૈન્ય'ના સમાનાર્થી શબ્દ શોધીને લખો.

________________________________

(૫) ભરેલી બંદૂક કોની પાસે છે ?

________________________________

**પ્રશ્ન-૨ (અ) કોષ્ટકમાંથી પશુ, પક્ષી અને જીવજંતુનાં નામ શોધીને લખો.** (૫)

| | | | | |
|---|---|---|---|---|
| પ | બ | ક | રી | ચ |
| પો | ર | બૂ | બૂં | ક |
| પ | ગા | ત | ર | લી |
| ટ | ય | ર | મા | ખી |
| મા | ન | સ | ન | જ |

પશુ : (૧) ____________ (૨) ____________

પક્ષી : (૧) ____________ (૨) ____________

જંતુ : (૧) ____________

**(બ) કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ફકરામાંની ખાલી જગ્યામાં લખો.** (૫)

**(શહેર, હતો, નાનકડો, એક, વહાલો)**

એક વૃદ્ધ માણસ હતો. તેને એક ____________ દીકરો હતો. તે બહુ રમતિયાળ ____________. દાદાને તે ____________ હતો. તેમની પાસે ____________ ગધેડો હતો. એક દિવસ દીકરો કહે, 'દાદા ____________ માં સરકસ આવ્યું છે.

**પ્રશ્ન-૩ (અ) શબ્દકોશના ક્રમમાં લખો.** (૨)

(બકરી, ઓરડો, મેદાન, કેરી)

(૧) ____________ (૨) ____________ (૩) ____________ (૪) ____________

**(બ) ઘરમાં જોવા મળતી અને વર્ગખંડમાં જોવા મળતી વસ્તુઓનાં નામ લખો.** (૨)

ઘરમાં જોવા મળતી વસ્તુઓ (૧)____________ (૨) ____________

વર્ગખંડમાં જોવા મળતી વસ્તુઓ (૩) ____________ (૪)____________

**(ક) ઉદાહરણ મુજબ લીટી દોરેલ શબ્દના સમાનાર્થી શબ્દ લખી વાક્ય ફરીથી લખો.** (૪)

ઉદાહરણ - <u>સાવજ</u> જંગલમાં ફરતો હતો.

સિંહ જંગલમાં ફરતો હતો.

(૧) આંબાનું <u>ઝાડ</u> મોટું છે. ____________________

(૨) નદીમાં <u>પાણી</u> છે. ____________________

(૩) બગલાનો રંગ <u>ધોળો</u> છે. ____________________

(૪) મારું ઘર શાળાની <u>નજીક</u> છે. ____________________

**(ડ) નો, ની, નું, ના - વડે ખાલી જગ્યા પૂરો.** (૨)

(૧) બતક __________ એક બચ્ચું હતું.

(૨) સિંહ જંગલ __________ રાજા છે.

(૩) રમેશભાઈ __________ દીકરાનું નામ રોહિત છે.

(૪) આ પેન્સિલ પ્રિયા __________ છે.

**પ્રશ્ન-૪ ગમે તે એક વિષય પર પાંચ - છ વાક્ય લખો.** (૫)

(૧) મારું પ્રિય પ્રાણી.

(૨) મારી શાળા

____________________

____________________

____________________

____________________

____________________

____________________

____________________

____________________

# બનાસકાંઠા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, પાલનપુર.

**વાર્ષિક પરીક્ષા - 2020**

| | | | |
|---|---|---|---|
| તારીખ : 28-03-2020<br>વાર : શનિવાર | **E** | ધોરણ - 3<br>વિષય - પર્યાવરણ (આસ પાસ) | કુલ ગુણ : 40<br>સમય : 11-00 to 1-00 |

શાળાનું નામ : ______________________

વિદ્યાર્થીનું નામ : ______________________ રોલ નં. ☐

| પ્રશ્ન ક્રમાંક | 1 | 2 | 3 | 4 | 5 | કુલ |
|---|---|---|---|---|---|---|
| કુલ ગુણ | 8 | 8 | 8 | 8 | 8 | 40 |
| મેળવેલ ગુણ | | | | | | |

નિરીક્ષકની સહી ______________ પરીક્ષકની સહી ______________

**પ્રશ્ન-૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને તેનો ક્રમ ☐ માં લખો.** (4)

(1) નીચેના પૈકી વનસ્પતિમાંથી શું મળતું નથી ? ☐

(અ) હળદર (બ) અજમો (ક) કેળા (ડ) મધ

(2) ઘર બનાવવામાં નીચેનામાંથી શાનો ઉપયોગ થતો નથી ? ☐

(અ) વનસ્પતિ (બ) ચામડું (ક) જમીન (ડ) પાણી

(3) ઘાસ- છાજમાંથી બનોવલા ઘરને શું કહે છે ? ☐

(અ) બહુમાળી (બ) તંબુ (ક) ઝૂંપડી (ડ) ઈગ્લુ

(4) નીચેના પૈકી શું અલગ પડે છે ? ☐

(અ) બળદ (બ) ગાય (ક) ભેંસ (ડ)બકરી

**(બ) યોગ્ય શબ્દ વડે નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.** (4)

(1) સ્પર્શ દ્વારા વંચાતી લિપિને ____________ કહે છે.

(2) ટપાલ ટિકિટ ____________ માંથી મળે છે.

(3) આપણા તાલુકામાં જોવાલાયક સ્થળ ____________ છે.

(4) આપણા દેશની રાષ્ટ્રીય રમત____________ છે.

**પ્રશ્ન-૨ (અ) સાચાં વિધાનની સામે ✔ની અને ખોટાં વિધાનની સામે ✗ ની નિશાની કરો.** (4)

(1) પથ્થર અને ઈંટ વડે તંબુ બનાવવામાં આવે છે. ☐

(2) ચેસ રમવા માટે બેથી વધારે વ્યકિતની જરૂર પડતી નથી. ☐

(3) કુટુંબમાં ઘરના વડીલો જ કામ કરે છે. ☐

(4) પાણીનો મુખ્ય સ્ત્રોત વરસાદ છે. ☐

**(બ) મને ઓળખીને મારું નામ લખો.** **(4)**

(1) મારું કામ માટીનાં વાસણ બનાવવાનું છે. : .......................

(2) હું ઊન આપું છું. : .......................

(3) મનીઓર્ડર કરવા માટે લોકો મારે ત્યાં આવે છે. : .......................


(4) હું ઘણા બધા માળ ધરાવતું મકાન છું. : .......................

**પ્રશ્ન-૩ (અ) નીચેનાનું 'ઘરમાં જોવા મળતાં' અને 'ઘરમાં ન જોવા મળતાં' જીવજંતુઓ-પ્રાણીઓનું વર્ગીકરણ કરો.** **(4)**

(મધમાખી, વંદો, હરણ, ગરોળી, મોર, માંકડ, પતંગિયું, કરોળિયો)

| ઘરમાં જોવા મળતાં | ઘરમાં ન જોવા મળતા |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

**(બ) નીચે આપેલ નકશાનું અવલોક કરીને આપેલ પ્રશ્નોના જવાબ લખો.** **(4)**




(1) ટપાલ કચેરીની જમણી બાજુએ શું આવેલું છે ?

---

(2) કૂવાથી બસ સ્ટેશન કઈ તરફ આવેલું છે ?

______________________________

(3) ટપાલ કચેરીની નીચેની બાજુએ નજીકમાં શું આવેલું છે ?

______________________________

(4) બસ સ્ટેશનની ઉપરની બાજુએ શું આપેલું છે ?

______________________________

**પ્રશ્ન-૪(અ) માગ્યા મુજબ જવાબ લખો.** (4)

(1) તમે જોયેલાં માટીનાં ચાર વાસણનાં નામ લખો.

| | | | |
|---|---|---|---|
| | | | |

(2) તમે જોયેલાં ચાર પક્ષીઓનાં નામ લખો.

| | | | |
|---|---|---|---|
| | | | |

**(બ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડો.** (4)

| 'અ' વિભાગ | જવાબ | 'બ' વિભાગ |
|---|---|---|
| (૧) પપ્પાના નાના ભાઈ | (૧) | (અ) માસી |
| (૨) મમ્મીની બહેન | (૨) | (બ) તાલુકો |
| (૩) માથા ઉપર પહેરાય | (૩) | (ક) કાકા |
| (૪) ગામડાંઓનો સમૂહ | (૪) | (ડ) પાઘડી |
| | | (ઈ) બુટ |

**પ્રશ્ન-૫(અ) નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યોમાં લખો.** (4)

(1) ઘડપણમાં લોકો કેવા પ્રકારની મુશ્કેલીઓ અનુભવે છે ?

______________________________

______________________________

______________________________

______________________________

(2) કોઈપણ પ્રકારના સાધનોની મદદ વિના રમી શકાતી કોઈપણ ચાર રમતોનાં નામ લખો.

**પ્રશ્ન-૫(બ) નીચેના ચિત્રનું અવલોકન કરી તેના વિશે ચાર-પાંચ વાક્યો લખો.** (4)



# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બનાસકાંઠા - પાલનપુર.

**વાર્ષિક પરીક્ષા - 2020**

| તારીખ : 31-03-2020<br>વાર : મંગળવાર | **I** | **ધોરણ - 4**<br>**વિષય - અંગ્રેજી** | સમય : 11-00 થી 01-00<br>કુલ ગુણ : 40 |
|---|---|---|---|

શાળાનું નામ : ____________________

વિદ્યાર્થીનું નામ : ____________________ બેઠક નં. [ ]

| પ્રશ્ન ક્રમાંક | 1 | 2 | 3 | 4 | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 6 | 8 | 16 | 10 | 40 |
| મેળવેલ ગુણ | | | | | |

નિરીક્ષકની સહી ____________________ પરીક્ષકની સહી ____________________

**Q-1.** (અ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. **(02)**

(1) B ______________ (d, b) (2) R ______________ (r, q)

(બ) ઉદાહરણ મુજબ આપેલ શબ્દોમાંથી મુળાક્ષર ઓળખી તેના ફરતે ◯ કરો. **(02)**

ઉદાહરણ : a : pl(a)y, M(a)n

t : mat toy

g : tiger girl

(ક) ફકરા પરથી આપેલા વિધાનો સામે ✔ કે ✖ ની નિશાની કરો. **(02)**

**Kirit and Kiran are friends. Kirit is tall.**


**He is jumping. Kiran is running.**


(1) **Kirit is Kiran's brother.** [ ]


(2) **Kirit is jumping.** [ ]

**Q-2** (અ) ચિત્ર પરથી શબ્દ લખો. **(02)**

ઉદા. :







**Bath** .............................. ..............................

(બ) બંધબેસતા ના હોય તેવા શબ્દ ફરતે ◯ કરો. **(03)**

(1) mother, brother, teacher, sister

(2) eat, ball, walk, sing

(3) chair table, bench, flower

**Q-2** (ક) ત્રણ પ્રાણીઓનાં નામ શોધી તે શબ્દ ફરતે ◯ કરો. **(03)**

| | | | |
|---|---|---|---|
| d | o | g | f |
| b | c | p | r |
| t | a | x | o |
| m | t | y | g |

**Q-3.** (અ) ફકરા પરથી પ્રશ્નોના જવાબ આપો. **(08)**

**Narayanbhai is stitching a frock.**

**The frock is pink. It has blue buttons.**

**The buttons are small.**

(1) **Who is the tailor?**

_______________________________

(2) **What is the colour of the frock?**

_______________________________

(3) **Are the buttons small?**


_______________________________

(4) **Are the buttons red?**


_______________________________

(બ) દરેક ચિત્ર માટે વાક્ય બનાવીને લખો. **(04)**

ઉદા. ***This* is a glass.**





_______________________________





1. ____________________ 2. ____________________





3. ________________ 4. ________________

Q-3 (ક) કૌંસમાં આપેલ શબ્દોનો ઉપયોગ કરી સંવાદ પૂર્ણ કરો. (04)

(Thank you, Good morning, fine, Jiya)

Mukesh : Hello, ________________ Good morning.

Jiya : ________________ Mukesh, how are you ?

Mukesh : I am ________________. And you ?

Jiya : I am also fine. ________________.

Q-4 (અ) કૌંસમાં આપેલ શબ્દોનો ઉપયોગ કરી ગમે તે એક વિષય પર વાક્યો લખો. (05)

(1) An Elephant

(tail, ears, legs, big, small)

An elephant is a ________________ animal.

It has two________________. It has four ________________.

It has ________________ eyes. It has a short ________________.

(2) Our helpers

(postman, teacher, doctor, barber, hockey player)

Pareshbhai is a ________________. He is cutting the hair.

Niraj is playing hockey. He is a ________________.


Pragneshbhai is in the post-office. He is a ________________.

Divyaben is a ________________.She is checking patients.

Mayurbhai is in his classroom. He is a ________________.

(3) Shapes

(square, rectangle, round)



(1) Sima is drawing a face. The face is ________________.

(2) Ramesh is drawing a kite. The kite is ________________.


(3) Payal is drawing a notebook. It is ________________.

(4) Sima is drawing a ball. It is ________________.

(5) Gita is drawing a table. It is ________________.

Q-4 (બ) કૌંસમાં આપેલ શબ્દોનો ઉપયોગ કરી ચિત્રનું વર્ણન કરો. (05)

( bat, book, toy, table, cap, ball )



**Example: There is a table in the picture.**

# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બનાસકાંઠા - પાલનપુર.

| | | |
|---|---|---|
| તારીખ : 27-03-2020<br>વાર : શુક્રવાર | **C**<br>વાર્ષિક પરીક્ષા - 2020<br>ધોરણ - 4<br>વિષય - ગણિત | કુલ ગુણ : ૪૦<br>સમય : ૧૧-૦૦ થી ૧-૦૦ |

શાળાનું નામ : ____________________

વિદ્યાર્થીનું નામ : ____________________ રોલ નં. [ ]

| વિભાગ | A | B | C | D | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| ગુણ | 12 | 18 | 6 | 4 | 40 |
| મેળવેલ ગુણ | | | | | |

નિરીક્ષકની સહી ____________ પરીક્ષકની સહી ____________

## વિભાગ - A

**સૂચના મુજબ જવાબ આપો (પ્રશ્ન ક્રમ ૧ થી ૧૨, દરેકનો એક ગુણ)** (૧૨)

**યોગ્ય વિકલ્પ પસંદ કરી આપેલ [ ] માં લખો. (પ્રશ્ન ૧ થી ૪)**

૧. એક વર્તુળમાં કેટલા વ્યાસ દોરી શકાય ? [ ]

(અ) એક (બ) બે (ક) ત્રણ (ડ) અસંખ્ય

૨. AB, CD, EF, ..................... (પેટર્ન પૂર્ણ કરો.) [ ]

(અ) FG (બ) GH (ક) FH (ડ) HI

૩. ૧૧૦, ૧૨૦, ૧૩૦, ૧૪૦, .................... (પેટર્ન પૂર્ણ કરો.) [ ]

(અ) ૧૩૦ (બ) ૧૪૧ (ક) ૧૫૦ (ડ) ૧૪૫

૪. અહીં ચાર ખાલી વસ્તુઓ છે. તેમાંથી કઈ વસ્તુ સૌથી હલકી છે ? [ ]

(અ) સ્કૂલ બેગ (બ) સુટકેશ (ક) કપડાની થેલી (ડ) ટ્રોલીબેગ

**ખાલી જગ્યા પૂરો. (પ્રશ્ન-૫ થી ૮)**

૫. બાઈક અને ટ્રકના પૈડામાં ..................................ની પૈડાની ત્રિજ્યા વધારે હોય.


૬. $\frac{૧}{૪}$ મીટર = ............................સેમી

૭. પેટર્ન પૂર્ણ કરો. ૫Z, ૧૦Y, ૧૫X, ૨૦W, ......................


૮. દેડકો એક કૂદકો મારે તો ત્રીજા પગથિયા પર પહોંચે છે. જો તે આઠ સરખા કૂદકા મારે તો.................. પગથિયા પર પહોંચશે.

**માગ્યા મુજબ જવાબ આપો (પ્રશ્ન ક્રમ ૯ થી ૧૨)**

૯. આકૃતિમાં ૨ ભાગ રેખાંકિત કરો.




૧૦. પેટર્ન આગળ વધારો.



**૧૧. આલેખ પરથી જણાવો કે વર્ગનાં કુલ બાળકોમાંથી કેટલાં બાળકોને સંગીત ખુરશીની રમત ગમે છે ?**

**(ત્રણ ચતુર્થાંશ કે એક ચતુર્થાંશ)** ......................................



૧૨. કોષ્ટક પરથી નક્કી કરો કે, રેખા કરતાં રમેશે કેટલા વધુ ગુણ મેળવેલ છે ? ......................


| વિદ્યાર્થી | રમેશ | કિશોર | રેખા | સમીના |
|---|---|---|---|---|
| મેળવેલ ગુણ | ૯૦ | ૮૦ | ૪૦ | ૭૦ |

## વિભાગ - B


**સૂચના મુજબ જવાબ આપો. (પ્રશ્નક્રમ ૧૩ થી ૨૧, દરેક પ્રશ્નનાં બે ગુણ)** (૧૮)

૧૩. પરિકરની મદદથી ૩ સેમી ત્રિજ્યાવાળું એક વર્તુળ દોરો.

૧૪. માપપટ્ટીની મદદથી નીચેના વર્તુળમાં એક વ્યાસ દોરી તેની લંબાઈ માપો અને લખો. ......................



૧૫. મિનારો પૂર્ણ કરો.





૧૬. મીનાને ૧૦૦ રૂપિયાના છૂટા જોઈએ છે. તો તેને નીચે મુજબ કેટલી ચલણી નોટ મળશે ?

(અ) જો બધી નોટ ૧૦ રૂપિયાની હોય તો ? ................................નોટ મળે.

(બ) જો બધી નોટ ૫ રૂપિયાની હોય તો ? ...........................નોટ મળે.

૧૭. આપેલ ત્રાજવાનાં બંને પલ્લાં સમાન કરવા માટે ક્યા પલ્લામાં કેટલું વજન મૂકવું પડશે ?




૧૮. કરિયાણાની દુકાનેથી તમે નીચેની વસ્તુઓની ખરીદી કરો છો. તેના વજન વિશે અનુમાન કરીને તેને ગ્રામ કે કિલોગ્રામમાં દર્શાવો.


| વસ્તુ | વજન (ગ્રામ કે કિલોગ્રામ) |
|---|---|
| ચોખા | ૫ ...................... |
| ચા | ૨૫૦ ...................... |
| ખાંડ | ૩ ...................... |
| રાઈ | ૨૦૦ ...................... |

૧૯. આપેલ ચિત્રમાં દરેક ખાનું ૧ સેમી x ૧ સેમી માપ છે. તેમાં દોરેલ મૂળાક્ષર L ની હદ કેટલા સેમી છે. તે શોધો.


..........................



૨૦. ૨૦ સેમી હદવાળા ચોરસમાંથી ૧ સેમી x૧ સેમી માપનો એક ચોરસ આકૃતિમાં બતાવ્યા મુજબ કાપવામાં આવે તો બનતી નવી આકૃતિની હદ કેટલી થશે ? ..................................................



૨૧. નીચે દર્શાવેલ ટેબલ ઉપર ધોરણ-૪ ગણિતનાં કેટલાંક પુસ્તકો ગોઠવેલ છે. અનુમાન કરીને નક્કી કરો કે ટેબલ પરની ખાલી રહેલ જગ્યામાં કેટલાં પુસ્તકો ગોઠવી શકાય ? ..................................




## વિભાગ - C


**સૂચના મુજબ જવાબ આપો. (પ્રશ્ન-૨૨ થી ૨૩, દરેક પ્રશ્નના ત્રણ ગુણ)** (૬)

૨૨. એક કંદોઈ લાડુ બનાવે છે. તેમણે બનાવેલ લાડુમાંથી ૪ લાડુવાળાં ૫૦ બોક્ષ બન્યાં અને ૧૦ લાડુવાળાં ૩૦ બોક્ષ બન્યાં, તો કંદોઈએ કુલ કેટલા લાડુ બનાવ્યા હશે ?

**અથવા**

૨૨. ફૂલની એક સંપૂર્ણ માળા બનાવવા માટે ગુલાબનાં ૨૦ ફૂલની જરૂર પડે છે. માળી પાસે ગુલાબનાં કુલ ૧૫૦ ફૂલ છે. તો તેમાંથી તે કેટલી સંપૂર્ણ માળા બનાવી શકશે ? કેટલાં ફૂલ બાકી રહેશે ?

૨૩. નકશા પરથી પ્રશ્નો ઉત્તર આપો.




(૧) ધોરણ-૩ માં બાળકોની સંખ્યા ૨૦ છે, તેને નકશામાં દર્શાવો.

(૨) ધોરણ-૫માં બાળકોની સંખ્યા કેટલી છે ? ..............................

(૩) ધોરણ-૪ કરતાં ધોરણ-૫ માં કેટલા બાળકો વધુ છે ? ..............................

વિભાગ -D

**સૂચના મુજબ જવાબ આપો. (પ્રશ્ન-૨૪, ચાર ગુણ)** (૪)

૨૪. નીચેના કોષ્ટક પરથી પ્રશ્નોના જવાબ આપો.

| વસ્તુ | ભાવ (રૂપિયા પ્રતિ કિગ્રા) |
|---|---|
| ખાંડ | ૪૮ રૂપિયા |
| ચોખા | ૬૪ રૂપિયા |
| ચા | ૩૪૦ રૂપિયા |
| ગોળ | ૮૦ રૂપિયા |

૧. $\frac{૧}{૨}$ કિગ્રા ચાની કિંમત કેટલી થાય ? ..............................................................


૨. $\frac{૩}{૪}$ કિગ્રા ખાંડની કિંમત કેટલી થાય ? ..............................................................

૩. $\frac{૧}{૨}$ કિગ્રા ગોળ અને $\frac{૧}{૨}$ કિગ્રા ખાંડની કિંમતમાં કોની કિંમત વધારે થાય ? ..................................

૪. $\frac{૧}{૨}$ કિગ્રા ચોખાની કિંમત કેટલી થાય ? ..............................................................

અથવા

૨૪. આપેલ વજનિયાંનો ઉપયોગ કરી માગ્યા મુજબનું વજન કરવા કેટલા ગ્રામનાં કેટલાં વજનિયાં જોઈશે ? તે લખો.




(૧) ૪૫૦ ગ્રામ .............................. (૨) ૭૦૦ ગ્રામ ..............................

(૩) ૬૫૦ ગ્રામ .............................. (૪) ૯૫૦ ગ્રામ ..............................

# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બનાસકાંઠા - પાલનપુર.

વાર્ષિક પરીક્ષા - 2020

| | |
|---|---|
| તારીખ : | 26-03-2020 |
| વાર : | ગુરૂવાર |

**A**

ધોરણ - 4

વિષય - ગુજરાતી

| | |
|---|---|
| સમય | : 11-00 થી 01-00 |
| કુલ ગુણ | : 40 |

શાળાનું નામ : ____________________

વિદ્યાર્થીનું નામ : ____________________

બેઠક નં. ______

| પ્રશ્ન ક્રમાંક | 1 | 2 | 3 | 4 | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 15 | 10 | 10 | 05 | 40 |
| મેળવેલ ગુણ | | | | | |

નિરીક્ષકની સહી ____________________ પરીક્ષકની સહી ____________________

**પ્રશ્ન-૧ (અ) ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ લખો.** (૦૫)

એક જંગલમાં એક સિંહ રહે. એનો વટ ભારે ! એ ફરવા નીકળે એટલે બધાં પ્રાણીઓ રસ્તો આપે. એક વાર તે ફરવા નીકળ્યો. બધાં પ્રાણીઓ ખસી ગયાં. એકલો મચ્છર ગુન....ગુન... કર્યા કરે ને ઊડે. તે સિંહ પાસે આવીને ગણગણાટ કરવા લાગ્યો. ઘડીમાં તેના જમણા કાને તો ઘડીમાં ડાબે કાને ગુન..ગુન...ગુન... કરે. રાજા કંટાળ્યો ને ત્યાંથી ભાગ્યો. તેને થયું, મચ્છર મારાથી સવાયો નીકળ્યો. આથી મચ્છરને ચઢ્યું અભિમાન. તે કહે, મેં સિંહ જેવા સિંહને હરાવ્યો. હવે હું સૌથી મોટો. તે ગણગણાટ કરતો ઊડતો રહ્યો ને એક કરોળિયાની જાળમાં ફસાયો. કરોળિયાએ તેને ઝાલ્યો. મચ્છરને થયું, મારા કરતાંય કોઈક સવાયું છે !

**પ્રશ્નો :**

(૧) સિંહ ફરવા નીકળે ત્યારે બધાં પ્રાણીઓ શું કરતાં ?

____________________

(૨) મચ્છર મારાથી સવાયો નીકળ્યો.- આ વાક્યમાં 'સવાયા હોવું' એટલે શું ?

____________________

(૩) મચ્છર __________ પાસે આવીને __________ કરવા લાગ્યો.
(સસલાં, બણબણાટ, સિંહ, ગણગણાટ)

(૪) 'અભિમાન' શબ્દનો સમાનાર્થી શબ્દ આપો. __________

(૫) સિંહ : પ્રાણી, તો કરોળિયો : __________

**(બ) કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ફકરામાંની ખાલી જગ્યા પૂરો.** (૦૫)

(માસમાં, લગ્ન, બનશે, ગોકુલદાસ, કસ્તૂરબા, વારે, બન્યા)

ગાંધીજીને આપણે બાપુના વહાલસોયા નામથી યાદ કરીએ છીએ, તો __________ નું નામ આવતાં આપણા મુખમાંથી 'અમારાં બા' એવો ઉદ્દગાર ઉમળકા સાથે નીકળે છે. ગાંધીજી મહાન__________ તેમાં બાનો ફાળો જેવો તેવો ન હતો. કસ્તૂરબાનો જન્મ પોરબંદરમાં સને ૧૮૬૯ ના એપ્રિલ __________ થયો હતો. પિતાનું નામ __________ અને માતાનું નામ વ્રજકુંવર હતું. નાની ઉંમરે ગાંધીજી સાથે એમનું __________ થયેલું.

**(ક) સંવાદને આધારે કૌંસમાંનાં વાક્ય દ્વારા ખાલી જગ્યા પૂરો.** (૦૫)

(મારી મમ્મી તો બસ ભણવાનું એટલે ભણવાનું જ કહે છે,

તું સમજાવજે કે પિકનિકમાં પણ શીખવાનું જ હોય છે !,

કેમ તમારે પિકનીકમાં જવાનું છે ?,

તું મને બોલાવવા આવજે,

હેં ! આવા પણ કલાસ હોય ? )

દીપિકા : આજે અમારે શાળામાં વહેલા જવાનું છે.

કૃતિકા : ______________________________

દિપિકા : ના, ના, સર સ્માર્ટ કલાસમાં અંગ્રેજી બોલતાં શીખવવાના છે.

કૃતિકા : ______________________________

દિપિકા : હા, પણ મને તો પિકનિકમાં જવાનું બહું ગમે.

કૃતિકા : તો તું કેમ નથી જતી ?

દિપિકા : ______________________________

કૃતિકા : ______________________________

દિપિકા : હા, હું જરૂર સમજાવીશ.

કૃતિકા : તારાં મમ્મી ના માને તો ______________________________

**પ્રશ્ન-૨ (અ) જાહેરાત વાંચી પ્રશ્નોના જવાબ લખો.** (૦૫)

**પુસ્તક મેળો**

**વિશ્વ પુસ્તક દિન નિમિત્તે વિશેષ આયોજન**

**પુસ્તકો ખરીદવા માટે પધારો**

- વિદ્યાર્થીઓ માટેનાં પુસ્તકો પર ૨૦% વળતર
- શિક્ષકો માટેનાં પુસ્તકો પર ૧૦% વળતર
- ધાર્મિક પુસ્તકો પર ૧૦% વળતર
- સ્પર્ધાત્મક પરીક્ષાનાં પુસ્તકો પર ૫% વળતર
- રૂા. ૫૦૦ની ખરીદી પર એક મનગમતું પુસ્તક મફત મેળવો.

સ્થળ : ઉત્તમ પુસ્તક ઘર
આંબાવાડી, અમદાવાદ.

તા. ૨૩-૦૪-૨૦૨૦

સમય : સવારે ૧૦-૦૦ થી રાત્રે ૦૮-૦૦

પુસ્તકો આપણાં સાચાં મિત્રો છે.

(૧) કયા પ્રસંગને ધ્યાનમાં રાખીને પુસ્તક મેળાનું આયોજન થયું છે ?

______________________________

(૨) સૌથી વધુ વળતર કયાં પુસ્તકો માટે રાખવામાં આવેલ છે ?

______________________________

(૩) સલમા કેટલા રૂપિયાનાં પુસ્તક ખરીદે તો, એને કિંમત ચૂકવ્યા વગર વધારાનું પુસ્તક મળે?

_______________

(૪) પુસ્તક મેળો કયા શહેરમાં યોજવામાં આવેલ છે?

_______________

(૫) માઈકલ ૨૩મી એપ્રિલે પુસ્તક મેળામાં ગયો પણ તે પુસ્તક ખરીદી શક્યો નહીં. તેનું કારણ શું હશે?

_______________

**(બ) જોડકાં જોડો.** (૦૫)

| ક્રમ | 'અ' | ક્રમ | 'બ' |
|---|---|---|---|
| ૧ | આજે એ છોડ મોટું | ૧ | અમે વરસાદમાં પલળ્યાં. |
| ૨ | મારા પપ્પા કહે છે કે | ૨ | પાટનગર કહેવાય. |
| ૩ | મમ્મીએ ના પાડી તો પણ | ૩ | આંબાવાડિયે રમવા જઈશું. |
| ૪ | ગાંધીનગરને ગુજરાતનું | ૪ | જીવનમાં હંમેશાં નીડર બનો. |
| ૫ | હું વૅકેશનમાં ઘેર આવીશ ત્યારે | ૫ | ઘટાદાર ઝાડ થઈ ગયો છે. |

**પ્રશ્ન-૩ (અ) યોગ્ય વિકલ્પ સામે ✔ની નિશાની કરો.** (૦૨)

(૧) 'સાડા છ દાયકા પહેલાંની વાત છે.' અહીં 'સાડા છ દાયકા' એટલે કેટલાં વર્ષ?

(અ) ૫૫ વર્ષ (બ) ૬૫ વર્ષ (ક) ૭૫ વર્ષ (ડ) ૬૦ વર્ષ

(૨) 'તેમનામાં અખૂટ શક્તિ અને શ્રધ્ધા હતાં.' અહીં 'અખૂટ' એટલે શું?

(અ) ખૂટે નહિ એવું. (બ) ખૂટી જાય એવું.

(ક) ખૂંટીએ ભરાવેલું (ડ) ખૂંટીને ન ભરાવેલું

**(બ) શબ્દોનો ઉપયોગ કરી વાક્ય લખો.** (૦૨)

(૧) વર્ગખંડ

_______________

(૨) હસવું

_______________

**(ક) શબ્દોને શબ્દકોશના ક્રમ પ્રમાણે ગોઠવો.** (૦૨)

(પંખી, ધ્યાન, વૃક્ષ, ઓમકાર)

(૧) ________ (૨) ________ (૩) ________ (૪) ________

**(ડ) સાચી જોડાણીવાળા શબ્દ વડે વાક્ય ફરી લખો.** (૦૨)

(૧) મોહન અદભુત અને આબેહૂબ / આબેહુબ મૂર્તિઓ બનાવતો.

(૨) હોંશીયાર / હોશિયાર માણસોને તો એ બોલે-ચાલે તે પરથી ઓળખી શકાય.

**(ઈ) તમને આવડતી કોઈ પણ એક કવિતાની સળંગ ચાર પંક્તિ લખો.** (૦૨)

**પ્રશ્ન-૪ ગમે તે એક વિષય પર પાંચ વાક્ય લખો.** (૦૫)

(૧) મને મારી શાળા ગમે છે, કારણ કે...

(૨) મારા પ્રિય શિક્ષક

# બનાસકાંઠા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, પાલનપુર.

વાર્ષિક પરીક્ષા - 2020

| | |
|---|---|
| તારીખ : | 28-03-2020 |
| વાર | : શનિવાર |

**E**

ધોરણ - 4

વિષય - પર્યાવરણ (અમારી આસપાસ)

| | |
|---|---|
| કુલ ગુણ | : 40 |
| સમય | : 11-00 to 1-00 |

શાળાનું નામ : ______________________

વિદ્યાર્થીનું નામ : ______________________

રોલ નં. ☐

| પ્રશ્ન ક્રમાંક | 1 | 2 | 3 | 4 | 5 | કુલ |
|---|---|---|---|---|---|---|
| કુલ ગુણ | 8 | 8 | 4 | 8 | 12 | 40 |
| મેળવેલ ગુણ | | | | | | |

નિરીક્ષકની સહી ______________ પરીક્ષકની સહી ______________

**પ્રશ્ન-૧ (અ) યોગ્ય શબ્દ વડે નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.** (૪)

(1) ડુંગળીની સૂકાયેલી ડાળી કાપવા વપરાતાં દાતરડાંને ______________ પણ કહેવાય છે.

(2) ખેતરને ખેડવા માટે ______________ નો ઉપયોગ કરવામાં આવે છે.

(3) કોયલ પોતાના ઈંડાં ______________ ના માળામાં મૂકે છે.

(4) સુંદર માળાઓ ______________ પક્ષી ગૂંથે છે.

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને તેના ક્રમ ☐ માં લખો** (૪)

(1) નીચેનામાંથી ક્યા ફળની છાલ બરછટ હોય છે ? ☐

(અ) અનનાસ (બ) જામફળ

(ક) બોર (ડ) સફરજન

(2) નીચેનામાંથી કયું ફળ જલદી બગડી જાય છે ? ☐

(અ) નાળિયેર (બ) અનનાસ

(ક) સફરજન (ડ) કેળું

(3) પાણીનો મુખ્ય સ્રોત કયો છે ? ☐

(અ) કૂવો (બ) નદી

(ક) વરસાદ (ડ) નળ

(4) તમારે ક્યારે ક્યારે હાથ ધોવા જોઈએ ? ☐

(અ) જમ્યા પહેલાં (બ) જમ્યા પછી

(ક) શૌચક્રિયા પછી (ડ) આપેલ તમામ

**પ્રશ્ન-૨ (અ) સાચા વિધાનની સામે ✔ની અને ખોટા વિધાનની સામે ✘ ની નિશાની કરો.** (4)

(1) માતાના ભાઈની પત્નીને મામી કહેવાય. ☐

(2) મધ્યાહ્ન ભોજનમાં દરેક બાળકને જમવાનો હક્ક છે. ☐

(3) ઉત્તરાયણના દિવસે લોકો દાળ-ઢોકળી બનાવે છે. ☐

**(બ) નીચેના જોડકાં જોડો.** (4)

| 'અ' વિભાગ | | ઉત્તર | 'બ' વિભાગ | |
|---|---|---|---|---|
| ૧ | ભારત | (૧) | (અ) | ગરમ કપડાં |
| ૨ | રણ પ્રદેશનું વૃક્ષ | (૨) | (બ) | રૂપિયો |
| ૩ | અબુધાબી | (૩) | (ક) | ખજૂરી |
| ૪ | ગરમી | (૪) | (ડ) | દિરહામ |
| | | | (ઈ) | સૂતરાઉ કપડાં |

**પ્રશ્ન-૩ નીચેના પદાર્થોનું પાણીમાં ઓગળે તેવા પદાર્થોમાં તથા પાણીમાં ન ઓગળે તેવા પદાર્થોમાં વર્ગીકરણ કરો.** (4)

(ખાંડ, દાળ, મીઠું, મેથી, ગોળ, ચોખા, ખાવાના સોડા, રેતી)

| પાણીમાં ઓગળે તેવા પદાર્થો | પાણીમાં ન ઓગળે તેવા પદાર્થો |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

**પ્રશ્ન-૪ (અ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો.** (4)

(1) લંગર કોને કહેવામાં આવે છે ?

____________________

____________________

____________________

(2) તમે ક્યા ક્યા પ્રસંગોએ સમૂહમાં જમો છો ?

____________________

____________________

____________________

(3) કઢાહપ્રસાદ બનાવવા માટે કઈ-કઈ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે ?

______________________________

______________________________

______________________________

(4) જમતાં પહેલાં હાથ ન ધોવામાં આવે તો શું થાય ?

______________________________

______________________________

______________________________

**(બ) નીચે આપેલાં વિધાનોનાં કારણ લખો. (કોઈપણ બે)** **(4)**

(1) છોકરીઓ અને છોકરાઓને સમાન મહત્ત્વ આપવું જોઈએ, કારણ કે.....

______________________________

______________________________

______________________________

______________________________

(2) રસોઈમાં મસાલાઓનો ઉપયોગ થાય છે, કારણ કે....

______________________________

______________________________

______________________________

______________________________

(3) શાકભાજી અને ફળો હંમેશાં ધોઈને જ ખાવાં જોઈએ, કારણ કે....

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન-૫(અ) નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યોમાં લખો. (કોઈપણ બે)** **(8)**

(1) તમારા જિલ્લામાં ભરાતા કોઈ એક મેળા વિશે ચાર-પાંચ વાક્યો લખો.

______________________________

______________________________

______________________________

(2) તમારા જિલ્લામાં આવેલાં પ્રસિદ્ધ ધાર્મિક સ્થળ વિશે ચાર-પાંચ વાક્યો લખો.

(3) હળદરના ઘરગથ્થું ઉપયોગો જણાવો.

**(બ) 'પટોળા' વિશે નોંધ લખો.** **(4)**

# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બનાસકાંઠા - પાલનપુર.

**વાર્ષિક પરીક્ષા - 2020**

**ધોરણ - 4**

**વિષય - હિન્દી**

G

તારીખ : 30-03-2020
વાર : સોમવાર

સમય : 11-00 થી 01-00
કુલ ગુણ : 40

શાળાનું નામ : ____________________ બેઠક નં. [ ]


વિદ્યાર્થીનું નામ : ____________________


| પ્રશ્ન ક્રમાંક | 1 | 2 | 3 | 4 | 5 | કુલ |
|---|---|---|---|---|---|---|
| ગુણ | 08 | 08 | 08 | 08 | 08 | 40 |
| મેળવેલ ગુણ | | | | | | |


નિરીક્ષકની સહી ____________ પરીક્ષકની સહી ____________

6


प्रश्न-1 (अ) चित्र पहचनाकर हिन्दी में नाम लिखिए।

(1) 
..................................

(2) 
..................................

(3) 
..................................



(4) 
..................................

(5) 
..................................



(6) 
..................................

(પાછળ)

प्रश्न-1 (ब) चित्र के आधार पर वाक्य लिखिए । **2**

उदाहरण :  यह घोडा है ।  वह घोडा है ।

(1)  यह पतंग है ।  ........................................

(2)  यह पुस्तक है ।  ........................................

प्रश्न-2 प्रश्नो के उत्तर लिखिए । (किन्ही चार) **8**

(1) हाथी क्या-क्या खाता है ?

______________________________

______________________________

______________________________

(2) आपने कहाँ-कहाँ झूलें देखे है ?

______________________________

______________________________

______________________________

(3) बुढिया को सबसे ज्यादा डर किससे लगता था ?

______________________________

______________________________

______________________________

(4) कशीदेकार क्या सुनकर घबराया ?

______________________________

______________________________

______________________________

(5) कशीदेकार क्या करता था ?

______________________________

______________________________

______________________________

प्रश्न-3 (अ) चित्र देखकर चार वाक्य लिखिए । 4



______________________________

______________________________

______________________________

______________________________

प्रश्न-3 (ब) गिनती को अंको में लिखिए । 2

(1) बारह : .................................. (2) पंद्रह : ..................................

प्रश्न-3 (क) गिनती को शब्दोंमें लिखिए ।

(1) ३ : .................................. (2) ८ : .................................. 2

प्रश्न-4 सुचना अनुसार कीजीए ।

(अ) शब्दोंको अर्थ देकर वाक्य में प्रयोग कीजिए । 2

(1) परेशान : ..................................

वाक्य : ..................................................................................

(2) झुँझलाना : ..................................

वाक्य : ..................................................................................

(ब) विरुद्धार्थी शब्द देकर वाक्य में प्रयोग कीजिए । 2

(1) आज × ..................................

वाक्य : ..................................................................................

(2) हँसना × ..................................

वाक्य : ..................................................................................

(क) लिंग परिवर्तन करके वाक्य फिर-से लिखिए। 2

(1) बच्चा खेल रहा है।

___

(2) घोडा दौड रहा है।

___

(ड) वचन परिवर्तन करके वाक्य फिर से लिखिए। 2

(1) यह हाथी है ।

___

(2) यह माला है।

___

प्रश्न-5 (अ) काव्यपंक्ति पूर्ण कीजिए। 2

जब पानी में जाता ___

___

___

___ नहीं बताता हाथी।

प्रश्न-5 (ब) आधे अधूरे वाक्य पूर्ण कीजिए। 2

(1) ............................... कौआ है। उसका रंग काला है। (यह, वह)

(2) मैं खेल खेल .................................. । (रहा हूँ, रहे है)

प्रश्न-5 (क) किसी एक विषय पर चार-पाँच वाक्य लिखिए। 4

(1) मेरा प्रिय पक्षी (2) मेरी पाठशाला

___

___

___

___

___

___

___

___

___

___

# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બનાસકાંઠા - પાલનપુર.

| | | |
|---|---|---|
| તારીખ : 31-03-2020<br>વાર : મંગળવાર | **I** | વાર્ષિક પરીક્ષા - 2020<br>ધોરણ - 5<br>વિષય - અંગ્રેજી |

સમય : 11-00 થી 01-00
કુલ ગુણ : 40

**Q-1 (A)** ફકરો વાંચી નીચેનાં વાક્યો True છે કે False તે લખો. **(2)**

Nehaben is Golu's mother.Rohitbhai is Golu's Father. Rohitbhai has a newspaper. There are apples in the basket. Golu and Pinku are playing cricket.

1. Nehaben is Golu's sister. [ ]

2. Golu and Pinku are playing cricket. [ ]

**(B)** કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય rhyming word પસંદ કરી આપેલ Stanza ની ખાલી જગ્યા પુરો. **(2)**

Incy, wincy spider climbed up the spout,

Down came the rain and washed the spider _____. (out, in)

Out come the sun and dried up all the rain.


Incy,wincy spider climbed up the spout_____.(before, again)

**(C)** કૌંસમાં આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો **(2)**

(1) Golu _____ a ball. (have,has)


(2) The man was crossing _____ river.(a/an)

**Q-2 (A)** નીચેનાં ચિત્રો માટે યોગ્ય વાક્ય પસંદ કરી લખો. **(2)**

1. 

(a) There is a hospital in the picture.

(b) There is a school in the picture.

2. 

(a) There are two men in the post office.

(b) There is a man in the post office.

(B) આપેલા શબ્દોમાંથી અલગ પડતો શબ્દ શોધીને લખો. (2)

(1) Diwali, Eid, Christmas, Monsoon

(2) Student, Driver, Engineer, Tailor

(C) ખૂટતા અક્ષરો મૂકી અર્થપૂર્ણ શબ્દ બનાવો. (2)

(1) P _lic _m _n

(2) d_ c _o _

Q-3 (A) ફકરો વાંચીને નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો. (8)

A mouse found a piece of cloth. The cloth was dirty. He went to the laundryman. "Laundryman, Laundryman, please help me. My cloth is dirty. Please, wash it clean."

"No, I am busy" The laundryman said.

(1) What did the laundryman say?

(2) Who went to the laundryman?

(3) What did the mouse find?

(4) Was the cloth clean?

(B) નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી ઉદાહરણ મુજબ અર્થપૂર્ણ વાક્યો બનાવો. (6)

e.g. ticket window – at – railway station

There is a ticket window at the railway station.

(1) Four doctors – in - hospital

(2) a postman – at- post office

(3) a balloon man – in – fair

(C) કૌંસમાં આપેલા વિકલ્પોનો ઉપયોગ કરી સંવાદ પૂર્ણ કરો. (4)

(name, am, is, who)

Vinay: Hello, I _____ Vinay.

Jay : _____ is that man ?

Vinay : He_____ my father. His _____is Arvindbhai.

Jay : Nice to meet you.

(D) શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (4)

(1) are/ twenty / there / students / in the class.

(2) workbooks / are / in the library / there

Q-4 (A) કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી આપેલા ચિત્રનું ચાર વાક્યોમાં વર્ણન કરો. (4)



(fruits, apples, a boy, bananas, oranges, grapes, cap, bag)

This is the picture of a fruit shop. There is a shopkeeper in the shop. There......

(B) આપેલા ફકરાનું સુવાચ્ય અક્ષરે અનુલેખન કરો. (2)

Who is your favourite actor? He is very handsome, isn't he? Or she is very beautiful, isn't she? They work very hard and they do lots of exercise.

# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બનાસકાંઠા - પાલનપુર.

| | |
|---|---|
| તારીખ : | 27-03-2020 |
| વાર | : શુક્રવાર |

**C**

વાર્ષિક પરીક્ષા - 2020

ધોરણ - 5

વિષય - ગણિત

| | |
|---|---|
| કુલ ગુણ | : ૪૦ |
| સમય | : ૧૧-૦૦ થી૧-૦૦ |

## વિભાગ-A


**સૂચના મુજબ જવાબ આપો (પ્રશ્નક્રમ 1 થી 12, દરેકનો એક ગુણ)**

**● ક્રમ નંબર 1 થી 4 માં ખાલી જગ્યા પૂરો.** (12)

1. ચોરસની બાજુનું માપ અડધું કરીએ તો તેનું ક્ષેત્રફળ ..........................થશે.

2. સમઘન ખોખાને સંપૂર્ણપણે ખોલતાં તેની કુલ ...........................સપાટી જોવા મળે છે.


3. આવૃતિ ચિહ્નો  = .......................સંખ્યા થશે.

4.  આકૃતિમાં બતાવ્યા મુજબ કાગળના ચાર સરખા ભાગ કરવા તેને.................... વખત વાળવો પડે.

**ક્રમ નંબર 5 થી 8 માં યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

5. એક નકશા માટે પ્રમાણમાપ સેમી = 200 કિમી છે. જો નકશામાં અમદાવાદથી દિલ્હી વચ્ચેનું અંતર 4.5 સેમી જેટલું છે, તો અમદાવાદથી દિલ્હીનું અંતર કેટલા કિમી થશે ?

(અ) 900 (બ) 90 (ક) 9000 (ડ) 450

6.  આપેલ આકારમાં 1 સેમી માપના કેટલા સમઘન વપરાયા છે ?

(અ) 8 (બ) 9 (ક) 6 (ડ) 3


7. 2 મીટર 35 સેમીને મીટરમાં કઈ રીતે લખાય ?


(અ) 2.35 મી (બ) 2035 મી (ક) 2350 મી (ડ) 23.50 મી

8. વિજય દરરોજ 6 ગ્લાસ પાણી પીએ છે, તો એપ્રિલ મહિનામાં તે કેટલા ગ્લાસ પાણી પીશે ?


(અ) 150 (બ) 155 (ક) 180 (ડ) 186

**ક્રમ નંબર 9 થી 12 માં માગ્યા મુજબ જવાબ લખો.**


9. નીચે આપેલા ક્યા આકારમાંથી ફક્ત વાળીને  આ પ્રકારનો આકાર બનશે ?



10. એક સેમી બાજુના માપવાળા ચોરસથી બનતી નીચેની આકૃતિમાં ભાગ 'B' માં કેટલા ચોરસ સમાવી શકાય ?



11. આપેલ આકૃતિની પરિમિતિ કેટલી થાય ?





12. એક બોક્ષમાં 20 દાડમ સમાઈ શકે, તો 100 દાડમ સમાવવા માટે કેટલા બોક્ષ જોઈએ ?

વિભાગ - **B**


**સૂચના મુજબ જવાબ આપો. (પ્રશ્નક્રમ ૧૩ થી ૨૧, દરેક પ્રશ્નનાં બે ગુણ)** (18)

13. નીચેની આકૃતિને આધારે પ્રશ્નોના જવાબ આપો.





1. દવાખાનાથી 4 કિમીના અંતરે શું આવેલું છે ?
2. પંચાયતથી શાળા વચ્ચેનું અંતર કેટલું થાય ?

14. નીચે આપેલ ચિત્રને ઉપરથી જોતાં દીવાસળીની કેટલી પેટીઓ દેખાશે ?



15. મીરાંની ઊંચાઈ1.50 મીટર છે જ્યારે સીમાની ઉંચાઈ 1.10 મીટર છે, તો તેમની ઊંચાઈ વચ્ચેનો તફાવત કેટલો થશે ?

16. લંબાલેખ પરથી જવાબ આપો.





1. ગુરુવારે કેટલા વિદ્યાર્થીઓ હાજર છે ?
2. સોમવાર કરતાં મંગળવારે કેટલા વધુ વિદ્યાર્થીઓ હાજર છે ?

17. એક લિટર તેલમાંથી 15 તેલની શીશી ભરાય છે, તો 5 લિટર તેલમાંથી કેટલી શીશી ભરાશે ?


18. 847 ÷ 7

19. એક દિવાસળીના ખોખાનું કદ 2 ઘન સેમી છે, તો નીચે દર્શાવેલ દિવાસળીના ખોખાથી બનાવેલ આકારનું કદ કેટલા ઘન સેમી થશે ?



20. 6 લિટર દૂધના 300 રૂપિયા થાય છે, તો એક લિટર દૂધના કેટલા રૂપિયા થાય ?

21. નીચેના ચોરસ જાળી (નકશા) માં દર્શાવેલ 'B' ભાગનું ક્ષેત્રફળ કેટલું થાય ? જાળીમાં દર્શાવેલ દરેક ચોરસ 1 સેમી માપવાળો છે.




પ્રમાણમાપ : 1 સેમી = 5 મી.

## વિભાગ - C

**○ સૂચના મુજબ જવાબ આપો. (પ્રશ્નક્રમ 22 થી 23, દરેક પ્રશ્નનાં ત્રણ ગુણ)** **(6)**


22. માપપટ્ટીનો ઉપયોગ કરીને મીણબત્તીની લંબાઈ, તેની જ્યોતિની લંબાઈ અને તે બંને વચ્ચેનો તફાવત શોધો.



1. મીણબત્તીની લંબાઈ ..........................સેમી
2. જ્યોતની લંબાઈ ..............................સેમી
3. તફાવત .......................................સેમી






23. 100 બાળકોને તેમની મનગમતી મીઠાઈ વિશે પૂછવામાં આવ્યું. તેની વિગત નીચેના કોષ્ટકમાં આપેલ છે. તેને બાજુમાં દર્શાવેલ પાઈ-ચાર્ટ (વર્તુળ આલેખ) મુજબ દોરી તેમાં દર્શાવો.

| મીઠાઈ | બાળકોની સંખ્યા |
|---|---|
| ગુલાબજાંબુ | 25 |
| બરફી | 45 |
| લાડુ | 30 |



**અથવા**

23. એક શાળાનાં ધોરણ એકથી પાંચનાં બાળકોની સંખ્યા આવૃત્તિ ચિહ્નના સ્વરૂપે નીચે કોષ્ટકમાં આપેલ છે. તેને આધારે પ્રશ્નોના જવાબ આપો.

| ધોરણ | આવૃત્તિ ચિહ્નો |
|---|---|
| 1 |  |
| 2 |  |
| 3 |  |
| 4 |  |
| 5 |  |

1. ધોરણ ચારમાં બાળકોની સંખ્યા કેટલી છે ?
2. કયા ધોરણમાં બાળકોની સંખ્યા 22 છે ?
3. ધોરણ એક અને ધોરણ પાંચના બાળકોની સંખ્યાનો તફાવત કેટલો થાય ?


## વિભાગ - D

**સૂચના મુજબ જવાબ આપો. (પ્રશ્નક્રમ 24)** **(4)**

24. એક ચોરસ લાદીની પરિમિતિ 100 સેમી છે, તો તેનું ક્ષેત્રફળ કેટલું થશે ?

**અથવા**

24. આપેલ આકૃતિનું ક્ષેત્રફળ શોધો.



# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બનાસકાંઠા - પાલનપુર.

વાર્ષિક પરીક્ષા - 2020

| | | | |
|---|---|---|---|
| તારીખ : 26-03-2020<br>વાર : ગુરૂવાર | **A** | ધોરણ - 5<br>વિષય - ગુજરાતી | સમય : 11-00 થી 01-00<br>કુલ ગુણ : 40 |

**પ્રશ્ન-1 (અ) ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો.** (5)

ગાંધીજી સવારે વહેલા ઊઠે. ઊઠીને મોં ધોવાનું અને દાતણ કરવાનું. તે માટે પાણીની નાની લોટી અને પિકદાની પથારી પાસે રાખેલાં હોય. તે વડે પતાવે. મોહનલાલ પંડ્યા કહે, "બાપુ ! પાણીનો તોટો છે? આ સાબરમતી વહી જાય છે. પાણીની કરકસર શું કરવા કરતા હશો ?" ગાંધીજીએ પૂછ્યું, 'મારું મોં તમને બરાબર સાફ થયેલું લાગે છે કે નહીં, એ કહોને ? તમે લોટેલોટા પાણી વાપરો છો, પણ પલાળેલા હાથ વડે મોં પર પાણી ચોપડો છો. હું પાણી વડે મોં બરાબર સાફ કરું છું. આટલું પાણી પૂરતું છે.'

**પ્રશ્નો**

1. મોહનલાલ પંડ્યાએ એવું શા માટે કહ્યું કે "પાણીનો તોટો છે ?"

_______________________________________________

2. સાચું વિધાન કયું છે ?

(અ) મોહનલાલ પંડ્યા પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરવાનું કહેતા હતા.

(બ) મોહનલાલ પંડ્યા પાણીનો તોટો રાખવાનું કહેતા હતા.

(ક) મોહનલાલ પંડયા છૂટથી પાણી વાપરવાનું કહેતા હતા.

(ડ) મોહનલાલ પંડ્યા એક લોટો જ પાણી વાપરવાનું કહેતા હતા.

3. પિકદાનીનો ઉપયોગ શું હશે ?

(અ) દાતણ મૂકવા માટે (બ) કોગળા કરવા માટે

(ક) શૌચાલય માટેનું પાણી ભરવા માટે (ડ) સવારે લેવાની દવા મૂકવા માટે

4. ફકરામાં કઈ નદીની વાત છે ?

(અ) નર્મદા (બ) સાબરમતી (ક) તાપી (ડ) ગંગા

5. ગાંધીજીને કઈ રીતે ઓળખીએ છીએ ?

(અ) વડાપ્રધાન (બ) મુખ્યમંત્રી (ક) રાષ્ટ્રપિતા (ડ) રાષ્ટ્રપ્રમુખ

**(બ) ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો.** **(5)**

ઠંડીના દિવસોની આ વાત છે. એક નાનકડી છોકરી સરસ મજાનું સ્વેટર પહેરીને ઘરના આંગણામાં ફરતી હતી. તેના હાથમાં સુખડી હતી. તે ખાતી હતી. ત્યાં એક ડોશીમાં આવ્યાં તે કહે, ‘‘મને ભૂખ લાગી છે.’’ પેલી છોકરીએ જરાય આનાકાની વગર સુખડી ડોશીમાને આપી દીધી. ડોશીમા આગળ ચાલ્યાં. એક છોકરો સ્વેટર હાથમાં લઈ ઊભો હતો. ડોશીમા કહે, મને ખૂબ ઠંડી લાગે છે. છોકરાએ આનાકાની વગર પોતાનું સ્વેટર ડોશીમાને આપી દીધું.

**પ્રશ્નો**

1. નાનકડી છોકરી ક્યાં ફરતી હતી ?
2. ક્યું વાક્ય સાચું ?
   (અ) છોકરાંએ ડોશીને મદદ કરી.
   (બ) ડોશીએ છોકરીને મદદ કરી.
   (ક) છોકરીએ ડોશીની મદદ લીધી.
3. આ કઈ ઋતુની વાત હશે ?
4. ડોશીમાએ સુખડીની માંગણી શા માટે કરી ?
5. ‘હા-ના કરવી’ માટે ક્યો શબ્દ વપરાયો છે ?

**(ક) આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વાક્ય પસંદ કરી સંવાદ પૂર્ણ કરો.** **(5)**

(કોઈ આવવાનું છે ?,

સાઈકલ લઈને જઈએ તો ?,

પુસ્તકાલયમાં જઈએ,

તારી બહેનપણી ક્યા ધોરણમાં ભણે છે ?,

જિલ્લા સેવાસદનની બાજુમાં)

કાવ્યા : ચાલને, ભાઈ ! ..........................................................................

વિશ્વાસ : તે ક્યાં આવેલું છે ?

કાવ્યા : તે ..........................................................................જ છે.

વિશ્વાસ : ત્યાં કેવી રીતે જઈશું ?

કાવ્યા : ..........................................................................!

વિશ્વાસ : બીજું.................................................................................!

કાવ્યા : હા ! મારી બહેનપણી લીના આવશે.

વિશ્વાસ : .................................................................................!

કાવ્યા : તે પાંચમા ધોરણમાં ભણે છે.

**પ્રશ્ન-2 (અ) ધોરણ-5માં ભણતા તુષારનું ઘરે કરવાના અભ્યાસનું આયોજન નીચે આપેલું છે. તેના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** (5)

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|
| ગુજરાતી | હિન્દી | ગણિત | ગણિત | ગુજરાતી | વ્યાયામ | વ્યાયામ |
| હિન્દી | ઈતર વાંચન | ગુજરાતી | ટી.વી. | કાવ્યપઠન | ગુજરાતી | કબડ્ડી |
| રંગપૂરણી | ગુજરાતી | ચિત્ર દોરવું | ગુજરાતી | હિન્દી | નિબંધ | ગુજરાતી |

1. તુષાર વ્યાયામ ક્યારે કરે છે ?
2. આયોજનમાં ક્યા વિષય માટે વધારે સમય આપવામાં આવ્યો છે ?
3. તુષારે ક્યા વિષયનું આયોજન કરેલ નથી ?
4. તુષાર વાર્તાનું પુસ્તક ક્યા દિવસે વાંચે છે ?
5. આયોજનમાં 'કસરત' માટે ક્યો શબ્દ વપરાયો છે?

**(બ) 'હોળી' અને 'પ્રજાસત્તાક દિન' તહેવારને લગતાં વાક્ય છૂટાં પાડીને લખો.** (5)

શાળામાં 26મી જાન્યુઆરીએ ઉજવણી હતી. ત્યાંથી બધાં બજારમાં ખજૂર ખરીદવા ગયાં. સૌએ શાળામાં ધ્વજવંદન કર્યું. સૌ હોળી પ્રગટાવવા ભેગા થયાં. ઊર્મિએ 'બેટી બચાવો' વિશે સુંદર વકતવ્ય રજૂ કર્યું. હું અને મારાં મમ્મી ઘરે જવાં નીકળ્યાં. સૌ રાત્રે ભેગાં મળ્યાં. લોકો શુભરાત્રિ કહીને છૂટાં પડ્યાં. બધાં હેમખેમ ગોઠવાઈ ગયા હતાં.

**પ્રશ્ન-3 માગ્યા મુજબ લખો.** (10)

**(અ) નીચે આપેલા શબ્દોમાંથી 'એકવચન' અને 'બહુવચન' વાળા શબ્દો જુદા પાડો.** (2)

(પીપળાનાં પાન, ફૂલોનો બગીચો, મુસાફર ભરેલી ગાડી, કૂતરા)

| **એકવચન** | **બહુવચન** |
|---|---|
| | |

**(બ) નીચેના વાક્યમાં લીટી દોરેલ શબ્દને બદલે તેની / તેઓ /તેમના / તેણીમાંથી / તેમની પૈકી યોગ્ય શબ્દ મૂકી વાક્ય ફરીથી લખો.** (2)

વિરલ અને દીપિકા આઠમા ધોરણમાં ભણે છે. બંનેની ઉંમર સરખી છે. બંને ખૂબ જ હોશિયાર છે. બંનેના સ્વભાવ અલગ છે. વિરલ પોતાની સાઈકલ પર શાળાએ જાય છે.

**(ક) ખોટો શબ્દ છેકી સાચું વાક્ય લખો.** (1)

2. હું પાંચમા / પાંચમાં ધોરણમાં ભણું છું.

**(ડ) નીચે આપેલ વાક્યમાં લીટી દોરેલ શબ્દોની જગ્યાએ વિરુદ્ધાર્થી શબ્દો મૂકો.** (1)

એ સ્થળે દિવસે બહુ ગરમી પડે છે.

**(ઈ) નીચે આપેલ વાક્યમાં વપરાયેલ રૂઢિપ્રયોગ શોધીને તેનો અર્થ લખો.** (2)

મીના આકાશ-પાતાળ એક કરીને હંમેશાં પ્રથમ નંબર મેળવે છે.

**(ઇ) તમને આવડતી કોઈ પણ એક કવિતાની ચાર પંક્તિ લખો.** (2)

**પ્રશ્ન-4 નીચેનામાંથી ગમે તે એક વિષય પર નિબંધ લખો.** (5)

1. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી
2. મને ગમતું ગામ / મને ગમતું શહેર

# બનાસકાંઠા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, પાલનપુર.

**વાર્ષિક પરીક્ષા - 2020**

| | | |
|---|---|---|
| તારીખ : 28-03-2020<br>વાર : શનિવાર | **E**<br>ધોરણ - 5<br>વિષય : પર્યાવરણ (સૌની આસપાસ) | કુલ ગુણ : 40<br>સમય : 11-00 to 1-00 |

**પ્રશ્ન-1 (અ) યોગ્ય શબ્દ વડે નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.** (4)

(1) આપણા શરીરના વિકાસ અને વૃદ્ધિ માટે __________ આહાર જરૂરી છે.

(2) સૂરજ જે દિશામાંથી ઊગે છે તેને __________ દિશા કહે છે.

(3) રૂધિરના વહન સાથે જોડાયેલું અંગ __________ છે.

(4) આપણા દેશનું પંચાયતી માળખું __________ સ્તરનું છે.

**(બ) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે લખો.** (4)

(1) વલ્લભભાઈ પટેલ 'સરદાર'ના હુલામણા નામથી ઓળખાય છે.

(2) સોપારી સ્વાદે તીખી હોય છે.

(3) ગ્રામ પંચાયતના વહીવટી અધિકારીને ગ્રામસેવક કહેવાય છે.

(4) શિયાળામાં સૂરજ વહેલો આથમી જાય છે.

**પ્રશ્ન-2 (અ) નીચેનાં પ્રશ્નોના જવાબ માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને લખો.** (4)

(1) જ્યારે દિવસ લાંબો હોય તે ઋતુમાં આપણે કેવો પોશાક પહેરીએ છીએ ?

(A) સુતરાઉ (B) રેશમી (C) ગરમ (D) પોલીસ્ટર

(2) કઈ તારીખે દિવસે લાંબો અને રાત્રિ ટૂંકી હોય છે ?

(A) 5મી જૂને (B) 22 મી ડિસેમ્બર (C) 21 મી જૂન (D) 23 મી માર્ચ

(3) ચોરી થઈ હોય તેની ફરિયાદ કરવા તમે કયાં જશો ?

(A) પોલીસ સ્ટેશન (B) દવાખાનું (C) પંચાયત (D) પોસ્ટ ઓફિસ

(4) નીચે પૈકી કયું અંગ રૂધિરને શરીરમાં ફેરવવા ઉપયોગી નથી ?

(A) રક્તવાહિનીઓ (B) ધમની (C) આંતરડું (D) શિરા

**(બ) નીચેના જોડકાં રચો.** (4)

| | 'અ' વિભાગ | ઉત્તર | 'બ' વિભાગ |
|---|---|---|---|
| ૧. | ફેફસાં | | (A) તેમાં અશુદ્ધ લોહી વહે છે. |
| ૨. | ધમની | | (B) ખોરાકનું પાચન થાય છે. |
| ૩. | શિરા | | (C) શ્વસન અંગ છે. |
| ૪. | નાનું આંતરડું | | (D) તેમાં શુદ્ધ લોહી વહે છે. |
| | | | (E) રુધિરને શરીરમાં ફરતું રાખે છે. |

**પ્રશ્ન-3 (અ) નીચેની ઘટનાઓનું 'કુદરતી આપત્તિ' અને 'દુર્ઘટના'માં વર્ગીકરણ કરો.** **(4)**

ઝાડ પરથી પડી જવું,

ભૂકંપ, પૂર, વાવાઝોડું,

ધક્કામુક્કી, ચપ્પુ વાગવું,

માર્ગ - અકસ્માત, દુષ્કાળ

**(બ) માગ્યા મુજબ ઉત્તર લખો.** **(4)**

શબ્દોને યોગ્ય  ક્રમમાં લખો.

ઉદાહરણ : લોટ, રોટલી, કથરોટ, પાટલી-વેલણ  તાવડી

જવાબ : કથરોટ → લોટ → પાટલી - વેલણ → તાવડી → રોટલી

(1) ટેબલ, રંધો, લાકડું, વહેરવું, રંગ, સુથાર

(2) વધારવાં, મસાલા ઉમેરવા, પીરસવું, શાકભાજી ધોવાં, સમારવાં.

**પ્રશ્ન-4 નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો.** **(8)**

(1) કોઈપણ બે ઘન પદાર્થોનાં નામ આપો.

(2) તમે ખુરશીઓ શામાંથી બનેલી જોઈ છે ?

(3) ખાટો રસ ધરાવતા છ પદાર્થોનાં નામ જણાવો.


(4) ખોરાક રાંધવાની વિવિધ રીતોનાં નામ જણાવો.

**પ્રશ્ન-5 (અ) નીચેના પ્રશ્નોના જવાબ  સવિસ્તાર લખો. (કોઈપણ એક)** **(4)**

(1) જમીનના વિવિધ પ્રકારો વિશે ટૂંકમાં નોંધ લખો.

(2) પંચાયતી માળખાની સમજ આપો.

**(બ) આપેલા નકશાનું અવલોકન કરી પ્રશ્નોના જવાબ લખો.** **(4)**




(1) શાળાથી બગીચો કઈ દિશા તરફ છે. ?

(2) દવાખાનાથી સૌથી વધારે અંતરે શું આવેલું છે ?

(3) કૂવાથી ગ્રામ-પંચાયત જવા માટે કઈ દિશામાં જવું પડે ?

(4) પોસ્ટ - ઓફિસની સૌથી નજીક શું છે ?

# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બનાસકાંઠા - પાલનપુર.

| | | |
|---|---|---|
| તારીખ : 30-03-2020<br>વાર : સોમવાર | **G**<br>વાર્ષિક પરીક્ષા - 2020<br>ધોરણ - 5<br>વિષય - હિન્દી | સમય : 11-00 થી 01-00<br>કુલ ગુણ : 40 |

प्रश्न-1 (अ) सही विकल्प चुनकर प्रश्न कि उत्तर लिखिए । 4

(1) 'रमेश को जलेबी पसंद है ।' रेखांकित शब्द का विरुद्धार्थी शब्द पहचाहिनए ।

(अ) नापसंद (ब) अपसंद

(क) पहचान (ड) अच्छा

(2) 'वृक्ष' शब्द का समानार्थी शब्द कौन-सा है ।

(अ) कुसुम (ब) टहनी

(क) तना (ड) तरु

(3) टोकरी में सब्जियाँ है - रेखांकित शब्द का सही वचन परिवर्तन ढुँढिए ।

(अ) सब्जिया (ब) सब्जियों

(क) सब्जिएँ (ड) सब्जी

(4) लिंग परिवर्तन की सही जोड पहचानिए ।

(अ) धोबी - धोबन (ब) छात्र - छात्री

(ड) गाय - बैल (ड) हाथी - हाथीनी

(ब) नीचे दिए गए परिच्छद को पढकर प्रश्नों के उत्तर लिखिए । 4

एक तालाब था । उसमें ढेर सारे मेढक रहते थे । वही किनारे पर नीम का पेड था । पेड की जड में एक साँप रहता था । साँप रोज ही किसी मेढक को पकडकर खा जाता था । मेढक परेशान हो उठे । एक दिन उन्होने आपस में मिलकर एक उपाय सोचा । अगले दिन एक मेढक बिल के सामने खडा रहा । दूसरे सारे मेढक बिल के आस-पास छिप गए । जैसे ही साँप ने उस मेढक को पकडा, बाकी छिपे मेढक निलक आए और साँप की पूँछ पकडकर खीचने लगे । साँप धबराया और पकडे हुए मेढक को छोडकर भागा । सारे मेढक ताली बजाकर नाचने लगे ।

प्रश्न :(1) तालाब में कौन रहते थे ?

(2) मेढक को पकडकर कौन खा जाता था ?

(3) मेढकों ने आपस में मिलकर क्या सोचा ?

(4) परिच्छेद का उचित शीर्षक दीजिए ।

प्रश्न-2 (अ) चित्र देखकर चार वाक्य लिखिए । 4



(ब) काव्यपंक्तियाँ पूर्ण कीजिए। 2

सूरज की ........................................

.................................................... गले लगाना।

(क) नीचे दिए गए शब्दों के समानार्थी शब्द देकर मूल शब्द का वाक्य में प्रयोग कीजिए। 2

(1) सरताज (2) दोपहर

प्रश्न-3 निम्नलिखित प्रश्नों के उत्तर लिखिए। (किन्ही चार) 8

(1) फूल और मछली से हमें क्या सीख मिलती है ?

(2) आप अब्दुल कादिर की जगह होते तो क्या करते ?

(3) मोहल्ले में गंदगी कयों फैली हुई थी ?

(4) हमें अपना घर और मोहल्ला कयों साफ रखना चाहिए ?

(5) दुमदुमा गाँव के बच्चोंने पानी की कमी दूर करने के लिए क्या किया ?

प्रश्न-4 सूचना के अनुसार लिखिए।

(अ) निम्नलिखित शब्दों को शब्दकोश के क्रम में लिखिए। 2

(1) बादल, कडाही, दुमदुमा

(2) षटकोण, सूरज, शरबत

(ब) मुहावरे का अर्थ देकर वाक्य में प्रयोग कीजिए। 2

नेक रास्ते पर चलना

(क) मातृभाषामें अनुवाद कीजिए। 4

गिरनार पर्वत गुजरात राज्य के जूनागढ जिले में स्थित है। इस पर्वत में पाँच ऊँचे शिखर है। गिरनार पर्वत गुजरात का सबसे ऊँचा पर्वत है। गिरनार पर्वत में ९९९९ सीढियाँ है।

प्रश्न-5 (अ) निम्नलिखित प्रश्नों के उत्तर एक-एक वाक्य में लिखिए। 4

(1) भारतमाता की शान कौन है ?

(2) दूध और पानी से हमें क्या सीख मिलती है ?

(3) हम कैसे आगे बढ सकते है ?

(4) आपको खाने में कौन-सी मीठी चीजें पसंद है ?

(ब) किसी एक विषय पर निबंध लिखिए। 4

(1) स्वच्छता :

स्वच्छता की पहचान - स्वच्छता का महत्व - स्वच्छता के अभाव से होनेवाले नुकसान - स्वच्छता रखने की प्रतिज्ञा

(2) हाथी :

शरीर का वर्णन - निवास - खुराक - उपयोग

(3) मेरी पाठशाला :

पाठशाला का नाम - कक्षा - स्थान - सुविधाएँ - महत्व।